# બોટાદના મહે.એડી. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ. બોટાદ

**ફોજદારી કેસ નંબર :-૬૭૧૦/૨૦૨૬**

**:: પ્લી તળે હુકમ ::**

આરોપીની આંક (૪) વાળી ગુન્હા કબુલાત પુરસીસથી ગુના કબુલાતની પ્લી (આંક-૬ થી ૯) અને કેસની હકીકત વંચાણે લેતાં આરોપીઓ સામેના જુગારધારા એક્ટની કલમ -૧૨ મુજબનો ગુનો હું સાબીત થયેલો ગણું છું. આરોપી સામેનો ગુનો અને કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે તે હકિકત માન્ય રાખી તેમજ આરોપી દ્વારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, નટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, બોટાદ દ્વારા નેશનલ લોક અદાલતનું આયોજનનાં ભાગરુપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીગનું આયોજન કરેલ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**** અંતિમ હુકમ ****

****** બી.એન.એસ એસ ની કલમ-૨૭૫ અન્વયે આ કામના તમામ આરોપી જુગારધારા એક્ટની કલમ ૧૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને જુગારધારા એક્ટની કલમ ૧૨ ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો તથા દરેક આરોપીને રુ. ૨૦૦/- લેખે કુલ રુપિયા ૮૦૦/- ( અંકે રુપીયા આઠસો પુરા ) નો દંડ તથા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કરે તો આરોપીને દિવસ ૦૭ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

****** આ કામમાં રજુ થયેલ મુદામાલ રોકડ રકમ આરોપીની માલીકીની ન હોય તેમજ રોકડ રકમ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ન હોય જે રોકડ રકમ અંગે આરોપીઓએ કોઈ કલેઈમ કરેલ ન હોય કે ભવિષ્યમાં કોઇ કલેઇમ કરવા માંગતા ન હોય જેથી હાલના કામે રજુ થયેલ રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.

****** આ કામમાં રજુ થયેલ અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ બોટાદ મુકામે આજ રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧ / ૦૭/ ૨૦૨૬

સ્થળ :- બોટાદ

**(એન. એચ. શેખ)**
**એડી. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ,બોટાદ**
**કોડ નં. જીજે ००८६३**

**દંડની રકમ રૂ. ૨૦૦ X ૪ ( આરોપી ) = ૮૦૦/-( અંકે રુપીયા આઠસો પુરા )પહોચ નંબર - ... થી .. દ્વારા વસુલ લીધા.**